સાલ : ૧૬ / સિલસિલાવાર નંબર : ૧૪૫ / શુમારો : ૧ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. મોહર્રમુલ હરામ-સફરૂલ મુઝફ્ફર ૧૪૪૦ / સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૮

# તલવાર : ઈલ્મની કે લોખંડની

રાહે હક્કમાં જંગ-જેહાદ કરનાર શખ્સની તલવાર અને ખૂન કરતા તાકતવર અને પુરઅસર, ઈસ્લાહે કૌમ અને નસીહતે મિલ્લત વાસ્તે આલિમની કલમ અને અલ્ફાઝ હોય છે. શહીદ પોતાની એક નફસને રાહે ખુદામાં કુરબાન કરીને શહાદતની મંઝિલ પર પહોંચે છે. મગર આલિમ તો પોતાના ઈલ્મથી ઝિંદગીભર **હઝારોં ગુમ્રાહ નફસોને રાહે રાસ્ત બતાવીને, દિલોને ઝિંદા કરીને, તેઓની આખેરતને આબાદ કરે છે.** નસીહતો પર અમલ કરીને જહાઁ તક લોગો બાકી રહે છે, વહાઁ તક તે ઈલ્મની બરકત પણ બાકી રહે છે.

તલવારના ઝોરથી ફેલાયેલું મુલ્ક એક મુદ્દત તક તો રહે છે પણ પછી તે ફના થઈ જાય છે અને તેને બીજા લોગો આબાદ કરે છે. કિતાબુલ્લાહ અને અહલે બૈતે રસૂલુલ્લાહ (સ.અ.) ના ઈલ્મના ઝોર પર ફેલાયેલું **રૂહાની મુલ્ક** મુમેનીનમાં હમેશા બાકી રહે છે. એક ઈમામ યા દાઈ બાદ તેમની જગા પર નસ્સની સુન્નતથી બીજા સાહેબ ઈમામ યા દાઈ બને છે અને **રૂહાની મુલ્કના માલિક** બને છે. ઈલ્મના સબબ જ મુલ્કના માલિક પોતાની રઈયત-મમ્લૂકો-બાશિંદાઓ પર બિલા ખૌફ રૂહાની હુકૂમત કરી શકે છે. લોખંડી હથિયારોથી ઊભું કરવામાં આવેલા મુલ્કમાં જેહાલત, ખૌફ અને ઝુલ્મ સિવાય દીગર કઈ હોતું નથી.

**અશરહ મુબારકહના અય્યામે આહોઝારીની ફુયૂઝાતે હુસૈનીયહ સાથે મુશ્ફેકીન કારેઈનને ૧૪૪૦ હિ. નું સાલે નૌ મુબારક થાય. હુઝૂરેપુરનૂર વાલિદુલ મુત્તકીન (ત.ઉ.શ.), આ નવા સાલની ઈબ્તેદા સાથે મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી અને રિઝકમાં કુશાદગીની દોઆએ ખૈર ફરમાવે છે.**

તારીખમાં એમ બયાન છે કે, અબ્બાસીઓના દૌરે હુકૂમતમાં બગદાદમાં એક મોટો ફિલ્સૂફ (ફીલોસોફર) હતો. આ અબ્બાસી સુલતાનો **ઝાલિમ, જબ્બાર, શાતિર અને ખૂઁખાર હતા.** આ ફિલ્સૂફ અબ્બાસીઓની જાહો જલાલીથી વાકિફ હતો. પણ દરબારની રૂસૂમાતથી ગાફિલ હતો. તે બગદાદના આસપાસ ગામે ગામ ફિરતો હતો. તેએ લોગોના દરમિયાન ચંદ સવાલાત મુકા અને તેના જવાબો તલબ કીધા. ઘણી બધી જગાઓ પર તે ગયો અને આ સવાલાતની ઝિક્ર કીધી. પણ કોઈએ પણ માઅકૂલ જવાબ આપા નહીં. એક મૌકા પર એક શખ્સે તેને કહ્યું કે, અય ફિલ્સૂફ! તું અબ્બાસી સુલતાનના દરબારમાં બગદાદ જા. **તુંને તારા હર સવાલનો જવાબ મિલશે.** તેએ સોચ્યું કે, આ તો ઘણું ખૂબ થયું! સવાલોના બહાને હું દરબાર અને સુલતાનની મુલાકાત પણ કરી લઈશ.

તે ગમે તેમ કરીને શાહી દરબારમાં પહોંચ્યો અને તેની અદાલતમાં સુલતાનને નઝદીક સવાલોની પૂરી ફહેરિસ્ત રૂજુઅ કીધી. સવાલો પઢીને સુલતાન અને તેના દરબારીઓ દંગ થઈ ગયા. અટપટા સવાલોના જવાબ આપવાથી આજિઝ આવી ગયા, થાકી ગયા. સુલતાનને જે વક્ત થયું કે, કોઈ આ તરહના સવાલના જવાબ નહીં આપી શકે તો, તે ઉઠો અને સિપાહીઓને બોલાવા. કહ્યું કે, "**આ કાફિર, કુફ્ર બકે છે. આની અક્લ ચાલી ગઈ છે. જો**

(બકીયાહ પેજ નં. ૩ પર)

**હર નબીએ દાઅવતની તબ્લીગ વાસ્તે સફર કીધેલો છે.**

## અસ્સલામ, અસ્સલામ

કરબલાએ મુઅલ્લામાં રૌઝએ હુસૈનીયહમાં દાખિલ થાવાની પણ એક અદલ, તૌકીર અને તહેઝીબ છે. આપ આકા હુસૈન શહીદોંના રઈસ છો, આપ જન્નતના જવાનોના સરદાર છો, નવાસએ રસૂલુસ્સકલૈન છો, જિગર ગૌશએ અલીયુલ મુરતઝા છો, ફાતેમતુઝઝહેરાના દિલના ચૈન છો, મુમેનીનના હાજિતરવા છો, મઝલૂમના મસીહા છો, તો પછી આપના મરકદે અન્વર અને કબરે મુનવ્વર પર આમને આમ કઈ તરહ જઈ શકાય. બિલકુલ નહીં! એક ખાસ અદબ છે, તરીકો છે કે જેના પર ચાલીને આપની ઝિયારતથી શરફયાબ થઈ શકાય.

ખુદાતઆલાનો કરમ છે કે, આપ આકા હુસૈન (અ.સ.) ની ઝિયારતે તાહેરહથી શરફ હાસિલ કરવા ચંદ સાલોંથી સાહેબે દાઅવતના કાફલા સાથે શરીક થઈને બેશુમાર મુમેનીન પોતાની દૌલતને આ રાહે હુસૈનીમાં ખર્ચ કરી રહ્યા છે. ઝિયારતની બરકાતથી પોતાની ઝિંદગીને બરકતવંતી કરી રહ્યા છે. **રૂહાની દરજાત ચઢવા વાસ્તે તૌશો તૈયાર કરી રહ્યા છે.** આ તમામ ચીઝમાં દોઆ કરવી એક કિલીદી કિરદાર અદા કરે છે. ઝિયારતના વક્ત દોઆની જાન શું છે? તે છે આકા હુસૈન (અ.સ.) પર સલામ પઢવા, આપના રૌઝામાં જાતા પહેલા ઈઝન તલબ કરવું. આપ જ એક વાહિદ સાહેબ છો કે, મુમેનીન આપની ઝાતે અકદસ પર તો સલામ પઢે જ છે, પણ આપના જિસ્મના હર આઅઝા જેના ઉપર યઝીદીઓ-લાઅનતીઓએ ઝુલ્મ કીધો, તે તમામ પર પણ અપને શીઅયાન સલામ પઢીએ છીએ.

ઝાએરીન જે વક્ત કરબલાએ મુઅલ્લા જાય છે તો આપ મૌલાની ઝરીહે અન્વર નઝદીક ઊભા રહીને, આપની મઝલૂમીયતને યાદ કરીને, ખૂબ આહો ઝારી સાથે આપ પર અને આપના જિસ્મના હરએક હિસ્સા પર કે જે શહાદતના વક્ત દુશ્મનોના ઝુલ્મો જફાના નિશાન બના હતા, તેના ઉપર સલવાતો સલામ પઢે છે. તે કલામ આ મુજબ હોય છે કે, **"અસ્સલામો અલર રાસિલ મરફૂઅ"**, યાઅની - સલામ છે તે સર પર કે જે બાદે શહાદત નેઝાની નોક પર ઊંચા કરવામાં આવા. **"અસ્સલામો અલલ ખદ્દિત તરીબ"**, યાઅની - સલામ છે તે રૂખ્સાર પર જે ખાકઆલૂદ થઈ ગયા હતા. **"અસ્સલામો અલસ સગરિલ મકરૂઅ"**, યાઅની - સલામ છે તે દાંતો પર કે જેને યઝીદ પલીદ છુરીથી હિલાવી રહ્યો હતો. **"અસ્સલામો અલદ્દેમાઈસ સાએલાત"**, યાઅની - સલામ છે તે ખૂનો પર કે જે ઝમીને કરબલા પર બહાવવામાં આવા. **"અસ્સલામો અલલ આઅઝાઈલ મુકત્તઆત"**, યાઅની - સલામ તે આઅઝા પર કે જેના પામાલ કરી ટુકડે ટુકડા કરી દેવામાં આવા હતા.

આ તરહના સલામો મુખ્તલિફ દોઆઓમાં મૌજૂદ છે. અસ્હાબે રસૂલ માંથી જલીલુલ કદ્ર સાહેબ મૌ. જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.), જે વક્ત સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતે ઉઝમા બાદ કરબલાએ મુઅલ્લા ઝિયારત વાસ્તે પધારા તે વક્ત આપે રસૂલુલ્લાહ બાવાજીની વસીયત અને નસીહત પર અમલ કીધો અને નહેરે અલ્કમા (ફુરાત) ના સાહિલ પર બેસીને માથાથી લઈને પૂરા જિસ્મ પર પાની છિડકીને ગુસ્લ કીધો. તે બાદ નમાઝી કપડા પહેરીને, ખુશ્બૂ લગાવીને, બિરહનાપા (ખુલ્લા પગે) આકા હુસૈનની કબરે મુનવ્વરની તરફ ગયા. સહેનમાં જે જગા પરથી આપ મૌલાની કબર નઝર આવતી હતી તે જગા પર ઊભા રહીને પાઁચ મરતબા **"અલ્લાહો અકબર"** ની નિદા બલંદ કીધી અને આપને ગમના સબબ ગશ આવી ગયો. થોડા વક્ત બાદ આપ હુશિયાર થયા, ઝમીન પર બેસી રહ્યા, હુસૈન ઈમામને ખૂબ યાદ કીધા, **આપની મઝલૂમી અને ગુરબત પર આહો ઝારી કરી માતમ કીધું.** કબરે મુબારકની ઝિયારત વાસ્તે મૌ. જાબિર આવા તો આ મુજબ સલામ પઢતા પઢતા આવા.

સલામ છે આપના ઉપર કે, આપ ખુદાતઆલા તરફથી મુન્તખબ શુદા તૈયેબો તાહેર આલ છો. તમામ ખલ્કમાં આપ ખૈર છો.

(બકીયાહ પેજ નં. ૩ પર)

**" સુબ્હાનલ્લઝી સખ્ખરા લના " ની દોઆ સફર વાસ્તે ખાસ છે.**

(પેજ નં. ૨ નું બાકી)

સલામ છે આપના ઉપર કે, આપ તમામના સરદાર છો, જંગલોના શેરોંના શેર છો, દરિયાઈ તૂફાનમાં નજાતની કિશ્તી છો.

અય અબૂ અબ્દિલ્લાહ! સલામ છે આપના ઉપર, ખુદાની રહેમત આપના ઉપર અને તેની બરકતોં.

સલામ છે આપના ઉપર કે, આપ અંબિયાના ઈલ્મના વારિસ છો. સલામ છે આપના ઉપર કે, આપ ખુદાના દોસ્ત મૌ. આદમના વારિસ છો, ખુદાથી મુનાજાત કરનાર મૌ. નૂહના, ખુદાના રાઝદાન મૌ. ઈબ્રાહીમના, ખુદાથી કલામ કરનાર મૌ. મૂસાના, ખુદાની રૂહ અને રાહ મૌ. ઈસાના અને ખુદાના રસૂલ મોહંમદ અલ-મુસ્તફા (સ.અ.) ના ઈલ્મના વારિસ છો.

સલામ છે આપના ઉપર કે, આપ ખદીજતુલ કુબરાના શાહઝાદા છો, અલીયુલ મુરતઝાના જિગર-ગોશા છો, ફાતેમા અઝ-ઝહેરાના નૂરેઐન છો.

સલામ છે આપના ઉપર કે, આપ શહીદ ઈબ્ને શહીદ છો, આપ કતીલ ઈબ્ને કતીલ છો.

સલામ છે આપના ઉપર કે, આપ ખુદાના વલી છો અને તેના હુજ્જત છો.

સલામ છે આપના ઉપર કે, આપ તે ખુદાની હુજ્જત ના દીકરા છો કે જે ખલ્ક ઉપર તેના હુજ્જત હતા.

હું શહાદત દઉં છું કે, બિલાશક! આપ નમાઝને કાઈમ કરનાર, ઝકાતને અદા કરનાર, નૈકીનો હુકમ કરનાર અને મુન્કર ચીઝોથી લોગોને રોકનાર હતા. આપ તે મૌલા છો કે, આપ આપના વાલેદૈન સાથે ભલાઈ કરતા અને આપના દુશ્મનો સાથે જેહાદ કરતા હતા. હું શહાદત દઉં છું કે, આપ મારા કલામને સાંભલનાર છો અને તેનો જવાબ આપનાર છો. હું જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી છું. હું ઝૌકો શૌકથી આપની ઝિયારત વાસ્તે આવેલો છું. હું ઈલ્તેજા કરૂં છું કે, આપ મારી શફાઅત કરનાર થાજો. અય મારા સરદાર! હું આપનાથી જ શફાઅતનો તલબગાર છું અને આ વાસ્તે હું આપના જદ્દ-નાનાજી સાહેબ સૈયેદુલ મુરસલીનનો વસીલો લઉં છું, આપના બાવાજી સાહેબ સૈયેદુલ વસીયીનનો વસીલો લઉં છું, આપના માઁ સાહેબા સૈયેદતો નિસાઈલ આલમીનનો વસીલો લઉં છું. હું ખુદાતઆલાથી એમ ઉમ્મીદવાર છું કે, ખુદા કત્લ કરે આપના કાતિલોને અને આપના ઉપર ઝુલ્મો સિતમ ઢાનાર લઈનો પણ ઝુલ્મનો શિકાર બને, તે તમામ નૂરાની હસ્તીઓના વસીલાથી કે, જેઓ અવ્વલીન હતા અને આખેરીન થાશે. ✫

(પેજ નં. ૧ નું બાકી)

**આને છોડી દઈશું તો બીજાને ગુમ્રાહ કરશે."** જે વક્ત તે ફિલ્સૂફે પોતાને કત્લ કરી દેવાની વાત સાંભલી તો જેમ તેમ કરીને દરબાર છોડીને નાસી ગયો અને દોબારહ કોઈ વક્ત બગદાદ ગયો નહીં.

મગર આ હાલમાં તે સફર કરતો રહ્યો. એક ગામમાં તેની મુલાકાત એક શીઆથી થઈ. તે હુશિયાર હતા. ઈમામે આલે મોહંમદના આશિક હતા. ફિલ્સૂફે ચંદ સવાલાત તે શીઆને કીધા. શીઆએ બરાબર સહી-સહી જવાબ આપા. ફિલ્સૂફ ઘણો જ તઅજ્જુબમાં પડી ગયો. તે શીઆને ગલે વિલગી ગયો. કહ્યું કે, અય ભાઈ! તારા મૌલા કહાઁ છે? શીઆએ કહ્યું કે, મદીનામાં છે. પણ મદીના તો યહાઁથી કાફી દૂર છે. ફિલ્સૂફે અરઝ કીધી કે, "હવે મારી ઝિંદગીનું એક કામ બાકી છે. **તે એ છે કે, મારી મુલાકાત તું તારા મૌલા સાથે કરાવી દે.** અય ભાઈ! તું મારા સાથે મદીના ચલ. સોહબત-સાથ હશે તો સફર આસાનીથી તય થઈ જાશે. આ બહાને તારી પણ તારા મૌલા સાથે મુલાકાત થઈ જાશે."

બેવેએ ઝાદે સફર તૈયાર કીધો અને ખૂબ આસાનીથી મદીના પધારી ગયા. તે દૌર મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ની ઈમામતનો દૌર હતો. આપ નમાઝ બાદ અકસર કરીને મસ્જિદમાં બેસતા હતા. આ હંગામમાં તે બેવે

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**સફરમાં બને ત્યાં સુધી તન્હા ન જાવું જોઈએ. કોઈ સોહબતી હોવા બહેતર છે.**

## ઈમામ, મખ્લૂકાતે રબ્બાનીના સેન્ટર છે : કિસ્ત - ૧૦

"**નુક્તતુદ્દાએરા**" હોય તો જ દાએરો બાકી રહે છે. ઝમીન હોય તો જ સૂરજ-ચાંદનો મકસદ હલ થાય છે. ઘરમાં કોઈ બુઝુર્ગ બાકી હોય તો જ ઘરનો નિઝામ-બંદિશ કાઈમ રહે છે. કોઈ પણ મિલ્કતના માલિકની દેખરેખ હોય તો જ તે આબાદ રહે છે. જાનવરોંના ગિરોહના સરદારની મૌજૂદગીમાં તેનો હરએક મેમ્બર પોતાની ઝિમ્મેદારી અને કિરદાર બાખૂબી અદા કરે છે. ઈન્સાની બદનમાં દિલની સેહતમંદીના સબબ જ જિસ્માની સેહત બરકરાર રહે છે. ઉપર મઝકૂર તમામ મિસાલો એક જ ચીઝની નિશાનદેહી કરાવે છે કે, **કુદરતના હર નિઝામમાં એક સરદારનું હોવું ઝરૂરી છે. સરદાર તે દિલના મકામમાં છે.**

સૂરતુશ્શોઅરામાં ખુદાતઆલા ફરમાવે છે કે, "યૌમે કેયામત જે શખ્સ પોતાનું "**કલ્બે સલીમ**" લઈને તેના રબ પાસે પૈશ થાશે તેને જ તેની ઔલાદ અને તેનો માલ નફો કરશે, ફાયદો કરશે." આ કલામ પર અપને નઝર કરીએ તો એમ સમઝાય છે કે, ઈન્તેકાલ બાદ તો કોઈને પણ તેનો માલ અને ઔલદ ફાયદો નહીં કરે. તે તમામ તો આ દુનિયામાં રહી જાશે. મગર આ બેવે ચીઝ તેને કયા હિસાબે નફો કરી શકે કે જે "કલ્બે સલીમ" લઈને આવે. આ "કલ્બે સલીમ" વાલો શખ્સ તે છે કે, જે પોતાના માલ અને ઔલાદને એ તરહ મુકીને જાય છે કે, તેના ઈન્તેકાલ બાદ પણ તેને ફાયદો પહોંચાવતા રહે.

આ શખ્સ ઔલાદની તરબીયત જ એવી કરીને જાય કે, જે માલ તેના ગુઝરવા બાદ વિરાસત તરીકે તેની ઔલાદને મિલો હોય તેને એવી ખૈર જગાઓમાં ઈસ્તેમાલ કરે કે, તેનો સવાબ તેને મિલતો રહે. ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના ઝુમ્રામાં તેને એવો આઅલા મકામ મિલે કે, તેનું રિઝક બંધ જ ના થાય. તેની ઔલાદ અને માલના સબબ હર પલ તેને રોઝી અને જઝા મિલા જ કરે. આ તે જ વક્ત મુમ્કિન છે કે, જે વક્ત તેના પાસે "કલ્બે સલીમ" હોય. યાઅની કે, જે કલ્બ-દિલ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની **માઅરેફત, અકીદો, યકીન, ઈમાન અને મીસાક**ના ખઝાનાઓથી ભરેલું હોય. ઈન્સાની જિસ્મમાં જેમ કલ્બ તમામ આઅઝાનું સેન્ટર છે. હરએક જિસ્માની હિસ્સો કલ્બને તાબેઅ છે. કલ્બના કબ્ઝા અને અમરના માતહત હર આઅઝાને કામ કરવું પડે છે. કલ્બની તાકતથી આઅઝાની તાકત છે. આ જ મુજબ **ઈમામે હક્કની ઈમામત અને હક્કાનીય્યતમાં માનવું આખેરતની કુલ મંઝિલોનું સેન્ટર છે.** આના સબબથી જ આખેરતમાં મરહૂમને રોઝી અને રિઝકની દૌલત હાસિલ થાય છે. જેના પાસે આ સેન્ટર વાલું "કલ્બે સલીમ" ના હોય તેને આખેરતની રોઝી મિલવી નામુમ્કિન છે.

હર નવા સાલની ઈબ્તેદા મોહર્રમુલ હરામના મહીનાથી થાય છે. આ સાલ ૧૪૪૦ હિ. નું છે. મોહર્રમુલ હરામ શહરે આશુરા, શહરે અઝાએ હુસૈન, શહરે નજાત અને શહરે આહો બુકા છે. તમામ બીમારીઓની શિફાનું સેન્ટર છે. મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) આ ખલ્કના શોહદાના એવા મરકઝ-સેન્ટર છે કે, જે પોતાની ઝાતે અકસદમાં બેશુમાર કુરબાનીઓ અને શહાદતોને ઘેરી લે છે. પૂરા સાલના આઅમાલની સેહત આ મુબારક મહીનાના સબબ છે. ઈમામે મઝલૂમ મૌલાના હુસૈન (અ.સ.) ની ઝિક્ર અને શહાદત એક એવું મઝબૂત મરકઝ છે કે, જેના આસપાસ મુમિનના ઝાહિરી-બાતિની આઅમાલનો દાએરો બને છે. આ દાએરાને બાહર શરીઅતે પાકનો દાએરો છે જેના સબબ મુમિન ઝરા પણ આમ-તેમ થઈ શક્તો નથી. શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) ના સેન્ટર અને શરીઅતે મોહંમદીયહના દાએરા દરમિયાન સીધો રિશ્તો છે. આ બેવેના દરમિયાન મુમિનની ઝિંદગીના આઅમાલનો દાએરો બનેલો છે.

શરીઅત, ઈમામે હક્ક બગૈર કાઈમ રહી શક્તી નથી. તે જ મુજબ હયાતે મુમિન, શરીઅત બગૈર ચાલી શક્તી નથી. કરબલાની દાસ્તાન, મુમિનની હયાતના હર પહેલૂ સાથે રાબેતો રાખે છે, પછી તે સચ્ચાઈ હોય, સબર હોય,

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**સફર શુરૂ કરતા પહેલા નઝરૂલ મકામ માનવા જોઈએ.**

# મોઅજિઝો – અપની ઝબાન

## સૈ. ફખરૂદ્દીન સાહેબ (ક.રૂ.) અને જલ્વએ ઈમામુઝ્ઝમાન (અ.સ.)

૫૧ સાલ તક વડોદરામાં દાઅવતે અલવીયહની ખિદમત બજા લાવનાર ૪૧ માં દાઈએ અઝહર સૈ. વ મૌ. જીવાભાઈ ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) ની શાનાત અને ફઝાઈલનું અપની કાસિર ઝબાન સી સું બયાન થઈ સકે! ફલકે દાઅવતના આપ તે દરખ્શિંદા સિતારા છો કે, જેની રોશની અને રોનક ફીકી ના પડી સકે. આ રોશની આજે દાઅવતની મહેફિલો મજલિસમાં આપના અશ્આર અને અબ્યાતના ઝરીએ મુમેનીનમાં ફેલાઈ રહી છે. જમાઅતમાં આપની મોઅજિઝનુમાઈ અને હાજિતરવાઈ મશ્હૂરો માઅરૂફ છે.

આપના ઝમાનમાં મુમેનીનની આબાદી બદરી મોહલ્લા, ફખરી મોહલ્લા, લાડવાડા અને તેના અત્રાફના ચાર દરવાઝાના ઈલાકામાં હતી. પન જમાઅતમાં કોઈ મોટો મૌકો હોય તો તમામ બદરી મોહલ્લામાં જમા થઈ જાતા હતા અને ખૂબ ઈત્તેહાદથી ખુશી-ગમીમાં શામિલ થાતા હતા. સૈ. ફખરૂદ્દીન સાહેબથી ખુબ કરીબ એક સાહેબ હતા કે, જે આપના મોહિબ્બ, મુખ્લિસ, રાઝદાન, હમદમ, હમનશીન, દિલબંદ અને ખૂબ ચાહનાર હતા. તે સાહેબ દેવડી મુબારક સામે રહેતા હતા, જેનું નામ નૂરભાઈ હતું. રોઝ ફજરમાં આપ મૌલાની કદમબોસી અને મિઝાજ-પુરસી વાસ્તે આવતા હતા અને હર મજલિસમાં સાયાની જીમ સાથે રહેતા હતા. મૌલાની સોહબતની બરકતથી ખુદાતઆલાએ નૂરભાઈને મીઠાઈ બનાવવાનો હુનર અતા કીધો હતો. આપ મૌલાએ ફરમાન કીધું કે, **"અય નૂરભાઈ! તમેં દોઆતના ઉર્સના મુબારક અય્યામમાં ફજરમાં ખીરની મીઠાસ બનાવો. તમારા હુનરને દોઆતની ખિદમતમાં ઈસ્તેમાલ કરો. ખુદાતઆલા આ ખિદમતના તુફૈલમાં તમને ખૂબ બરકત આપસે."**

નૂરભાઈ આપના ફરમાનને માથે ચઢાવીને દોઆતની ખિદમત વાસ્તે તૈયાર થઈ ગયા. આ ખિદમતના સબબ નૂરભાઈ આપ મૌલાને ઔર કરીબ થઈ ગયા. તે વક્ત અપની જમાઅત મુખ્તસર હતી. અકસર લોગો બદરી મોહલ્લામાં રહેતા હતા. રોઝીના અસ્બાબ એવા ન્હોતા કે, ઘરખર્ચ કીદા બાદ પૈસા બચાવી સકે. સફરની દિક્કત અને પૈસાનો બંદોબસ્ત ના થાવાથી લોગો હજ્જ વાસ્તેનો કસ્દ કરી ન્હોતા સકતા. તે ઝમાનમાં ખૂબ કમ ખુશકિસ્મત લોગો હજ્જ પઢવા જાતા હતા. બુઝુર્ગ મુમેનીન ઉંમર-રસીદગીમાં, તેઓની ઝિંદગીના આખિરી મરહલામાં, ઘરબાર-તિજારત-ઔલાદની શાદી અને બીજી ઝિમ્મેદારીઓથી ફારિગ થઈને હજ્જનો કસ્દ કરતા હતા. **આપ મૌલાએ ૧૩૦૧ હિ. માં ૨૦ મુમેનીન સાથે હજ્જ પઢીચ.** તે કાફલામાં આપના અસ્હાબે ખાસ દીવાન હસનઅલી નુસ્ખાવાલા હતા કે, જેની કબર પ્રતાપનગર કબ્રસ્તાનમાં સૈ. અમીરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ના રોઝા ના બાહર. સૈ. શેહાબુદ્દીન સાહેબ (ક.રૂ.) ના રોઝા તરફ જાતા આવેલી છે.

તે ઝમાનમાં હજ્જના સફરે મયમૂન વાસ્તે સાડા ચાર મહીના લાગતા હતા. તે વાસ્તે મુંબઈ બંદરથી જહાઝ રવાના થાતા હતા. એક દિન નૂરભાઈએ અરઝ કીધી કે, **"અય મૌલા! આ સાલ હજ્જનો ઈરાદો રાખુંચ, આપની રઝા હોય તો તે વાસ્તે તૈયારી કરૂં."** આપ મૌલા ઘના ખુશ થયા અને કહ્યું કે, "ઝરૂર! ખુદા તમને યારી આપે, તમારી ઉમ્મીદ બર લાવે, તમારી સફર મુબારક કરે અને હર અમરને સહેલ કરે. તમેં એ વાસ્તે તૈયારી કરો મારી દોઆઓ તમારી સાથે છે." નૂરભાઈ ખુશ-ખુશ થઈ ગયા અને ઉમ્દા મીઠાસ બનાવીને મૌલાની અહેસાનમંદીનો ઈઝહાર કીદો. દાઅવતે શરીફહ તરફથી હજ્જ વાસ્તે એલાન કરવામાં આવું અને ઉમ્મીદવાર મુમેનીન મુખ્તસર કાફલામાં નૂરભાઈ સાથે જોડાયા.

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**સફરમાં આઈનો, કાતર, કાંસકો, ઈતર, મિસ્વાક, સુરમો, દોઆની હફ્તી, મસલ્લો, તસ્બીહ અને ટોપી સાથે રાખવા જોઈએ.**

(પેજ નં. ૫ નું બાકી)

માલી કશીદગી, હાલાતની નાદુરૂસ્તગી, સફરની કઠનાઈ એમ ઘની બધી ચીઝોના સબબ આપ મૌલાના ઝમાનમાં એવા પન સાલો ગુઝારા છે કે, જે વક્ત જમાઅત માંથી કોઈ એક ફર્દ પન હજ્જ વાસ્તે નથી જઈ સકું. પન જે વક્ત હજ્જ વાસ્તેનો કસ્દ કોઈએ કીદો તો દાઈયુલ્લાહ આપ મૌલાની રઝાથી પૂરી શાનો જલાલ સાથે મુમેનીને હજ્જ પઢીચ અને સહીહો સાલિમ અરકાન-મનાસિકની અદાયેગી સાથે વતન તરફ રૂજુઅ થયેલા છે.

રસમ ઈમ હતી કે, આઝિમે હજ્જ જે દિન વડોદરાથી મુંબઈ રવાના થાવાના હોય તે વક્ત ઝોહર બાદ ખ્વેશો અહબાબ, સગા-વ્હાલા, રિશ્તેદારો અને મિલનસારોને ઢીલા દાલ-ચાવલ અને દહીં-સોદન્નાનું ઈઝન આપવામાં આવતું. ઝોહર પહેલા હજ્જ પર જાનાર ભાઈ દેવડી મુબારક પર આવતા અને આપ મૌલા રિસાલા સાથે મસ્જિદમાં નમાઝ વાસ્તે પધારતા. મુમેનીન પન તે જુલૂસમાં શરીક થાતા. તે બાદ ઝોહર-અસર દરમિયાન તે ભાઈને **"વાઅસાઈસ્સફરે" અને "કઝાઈલ હવાઈજ"** ની નમાઝ પઢાવવામાં આવતી. તે બાદ તમામ વાસ્તે જમન થાતું. દાઈયુલ્લાહ તે ભાઈને વદાઅ કરવા, આખિરી દીદાર આપવા અને સલામો સલામત કહેવા બદરી મોહલ્લાના દરવાઝા પર પધારતા. આ તૌર-તરીકાથી હાજીઓ રવાના થાતા. બપોરે મુંબઈ લોકલમાં બેસતા અને બીજે દિન સવારે મુંબઈ પહોંચતા.

આ જ રસમના માતહત સૈ. ફખરૂદ્દીન મૌલા આપના દિલબંદ નૂરભાઈને વદાઅ કરવા દરવાઝા તક પધારા. આપ મૌલાએ નૂરભાઈને ગલે લગાવતા આખિરી વસીયત ફરમાવી કે, "અય મારા હબીબ! તમેં જે વક્ત મિનાના મૈદાનમાં જાસો તો તાં જાપાની તંબુઓ નસબ કીદેલા હસે. તમને તાં એક જિવી જ ગલીઓ માઅલૂમ પડસે. શાયદ કે તમેં તાં ભુલા પડો અને તમારૂં તંબુ તમને ના મિલે. જે વક્ત આમ બને તો તમેં ઝરા પન ઘભરાસો ના. **અઝાનની નિદા બલંદ કરીને તમેં ખુદાથી નુસ્રત અને મદદ તલબ કરજો.** ખુદા તમારો મુહાફિઝ છે અને તમેં ઝરૂરસી કાફલાની હર જગે રહેનુમાઈ કરજો."

આપ મૌલાના આ આખિરી કલામ સાંભલીને, દિલમાં ઉતારીને નૂરભાઈ હજ્જે બયતુલ્લાહ પધારા. જે વક્ત હજ્જના અય્યામ કરીબ થયા તો કાફલાના તમામ સાહેબોએ મિના જાવાનો કસ્દ કીદો. તમામ એક તંબુમાં રૂકા અને પોતાનો સામાન તેમાં હિફાઝતસી મુકો અને સવારીઓ તે તંબુના નઝદીક ખજૂરીના દરખ્ત સાથે બાંધી દીદી. નૂરભાઈની આદતે હમીદહ હતી કે, કોઈ પન નવી જગા પર જાય કે, ફૌરન ઈમામુઝઝમાન (અ.સ.) ના મકામે આલીની નઝર માની લે. નૂરભાઈ એક કપડાની થેલી રાખતા હતા કે, જેમાં એ નઝરૂલ મકામના નકદ મુકતા હતા. નૂરભાઈએ કાફલાના તમામ લોગોને કહ્યું કે, સઘલા નઝરૂલ મકામ માનીને આ મારી થેલીમાં મુકી દે. નૂરભાઈની હિવી આદત હતી કે, તે થેલી હમેશા પોતાની પાસે જ રાખતા.

૮ ઝુલહિજ્જહનો દિન હતો. મગરિબનો વક્ત કરીબ હતો. નૂરભાઈ બીજા બે-તન સાહેબો સાથે મગરિબ પહેલા કોઈ હાજિત-સર બાહર નિકલા. તંબુ તરફ પાછા વિલા તો જે રસ્તેસી ગયા હતા તે રસ્તો ભુલી ગયા. બીજી જ કોઈ જગે નિકલી ગયા. ઘનો વક્ત ગુઝરી ગયો પન કોઈ રાહ મિલી ના. નૂરભાઈ ખુબ માયૂસ થઈ ગયા, બેબસ અને ફિકરમાં પડી ગયા. કુરઆને કરીમ પઢવા લાગા કે, સૈ. ફખરૂદ્દીન મૌલાના કલામ યાદ આવા. કિબ્લારૂ ઊભા થઈને બલંદ આવાઝથી અઝાન દેવા લાગા. બીજા સાહેબો સાથે દોઆ કરવા લાગા. બલા-આફતને દફઅ કરવાનો તરીકો અઝાન દેવું છે. અઝાન હજી પૂરી નથી થઈ કે ખુદા તરફથી યારી આવી. નૂરભાઈ સું જોઈ છે કે, **"એક ઘના ઝઈફ નૂરાની શિકલવાલા સુફૈદપોશ સાહેબ એના નઝદીક આવા. ઈમ લાગું કે, તે સાહેબને નૂરભાઈના કાફલાની તમામ માઅલૂમાત હોય."**

(બકીયાહ પેજ નં. ૭ પર)

**સફરની ઈબ્તેદા " સૂરતુલ હમ્દ " થી કરવી જોઈએ.**

(પેજ નં. ૬ નું બાકી)

નૂરભાઈ હયબત અને રોઅબમાં આવી ગયા. તે સાહેબ પર સલામો તહીયાત પઢા. એ કહેવા લાગા કે. "અય નૂરભાઈ! તમેં રસ્તો ભુલા પડાચ. બિલકુલ ફિકર ના કરો. મારો હાથ પકડો અને મારા સાથે ચલો." હયબત હિવી હતી કે, નૂરભાઈ કઈ ઝબાનથી સવાલ કરતા! લબ બંદ થઈ ચુકા હતા. આહિસ્તા-આહિસ્તા હાથ પકડીને નૂરભાઈ અને બીજાઓને તે સાહેબ લઈ ગયા અને એક ગલી આગલ આવીને કહ્યું કે, "અય નૂરભાઈ! સીધા જાજો અને થોડા જ કદમ બાદ તમને તમારૂં તંબુ નઝર આવસે. પન તમને જે કઈ મેં કહુંચ તેને બરાબર યાદ રાખજો અને તેના ઉપર અમલ કરજો. તમેં જે વક્ત વતન પાછા જાવ તો **મારા દાઈ સૈ. ફખરૂદ્દીન સાહેબને મારો સલામ કહેજો** અને તમેં જે વક્ત સલામ કહેવા જાસો તો તમેં જોસો કે, સૈયેદના સાહેબ હમ્મામ-ખાના માંથી વુઝૂ કરીને બાહર નિકલતા હસે."

આમ કહીને તે સાહેબે નૂરભાઈનો હાથ છોડી દીદો અને તે તમામ થોડા આગલ ગયા કે તેમનો તંબુ નઝર આવો. નૂરભાઈ તંબુ જોઈને ખુશ-ખુશ થઈ ગયા અને બારગાહે ખુદાવંદીમાં શુક્રના કલેમાત પઢા. વિચાર કીધો કે, પાછલ ફિરીને તે સાહેબનો શુક્રીયા અદા કરે. પન પલટીને જોયું તો ખુદની આઁખ પર યકીન ના લાવી સકા. તે સાહેબ કોઈ જગે નઝર ના આવા. ઘડી-બેઘડીમાં ગાઈબ થઈ ગયા. જે હતા તે પલ ભરમાં ના હતા થઈ ગયા. નૂરભાઈ અને બીજા સાહેબોએ બેહદ તલાશ કીદી પન ઉકદો હલ ના થઈ સકો. હજ્જના આખિરી યૌમ તક નૂરભાઈની તે સાહેબે જલાલતસી પાછી મુલાકાત કરવાની હસરત બાકી રહી ગઈ. આમાં પન ખુદાની મશયત અને હિકમત હતી.

ખુદાના ફઝલો તફઝ્ઝુલથી અને આપ મૌલાની દોઆની બદૌલત નૂરભાઈ સહી-સલામત વતન પાછા આવી ગયા. પોતાના અહલો અયાલમાં મિલી ગયા. વાત ઈમ બની કે, મિનામાં તે નૂરાની બામરતબત સાહેબે સૈ. ફખરૂદ્દીન મૌલાને સલામ પહોંચાવવાનું ફરમાવેલું, તે **નૂરભાઈ ભુલી ગયા.** બિલકુલ ઝહેન માંથી વાત નિકલી ગઈ. મહીનાઓ ગુઝરી ગયા. યહાઁ તક કે, શહરૂલ્લાહ આવા. બધી નમાઝોને વાસ્તે નૂરભાઈ આપ મૌલાનો હાથ પકરવા, તલક્કી કરવા આવતા અને હજ્જની નાની-નાની વાતો કરતા, પન ખુદા માઅલૂમ જે અહમમાં અહમ વાત હતી તે જ ભુલી ગયા.


એક રાત તે સાહેબે જલાલત નિસ્ફિલ્લૈલના વક્ત પહેલા નૂરભાઈના ખ્વાબમાં આવા. કહ્યું કે, અય મારા અઝીઝ બિરાદર, મુમિને મુખ્લિસ! મને તમેં ભુલી ગયા. મારી મિનામાં મુલાકાતને ભુલી ગયા. ઉઠો! મારા દાઈ વાસ્તે મેં જે કઈ તમને કહ્યું હતું તેના પર અમલ કરો." ખ્વાબમાં ઈતલો નઝારો જોઈને નૂરભાઈ ચમકીને ઉઠી ગયા. સૂરતુલ ફાતેહા પઢી અને મુઆફી તલબ કીદી. જોયું કે નિસ્ફિલ્લૈલની નમાઝનો વક્ત કરીબ છે, વુઝૂ કીદી અને નમાઝી કપરા પહેરીને મકાનના નીચે ઉતરા. નૂરભાઈ દેવડી મુબારકને બરાબર સામી રહેતા હતા, જે જગા પર મીયાંસાહેબ મરહૂમ ફખરૂદ્દીન હુસૈનઅલી રંગવાલાનું મકાન છે. નૂરભાઈએ દાઈને સલામ પહોંચારવા દેવડી પર કદમ મુકો કે, એની નઝર આપ મૌલા ઉપર પડી. આપ વુઝૂ કરીને હમ્મામ-ખાના માંથી બાહર નિકલી રહ્યા હતા. નૂરભાઈને તે નૂરાની સાહેબના કલામ અને જે નિશાની બતાવી હતી તે નઝરને સામી આવી ગઈ. નૂરભાઈ યકીન ના લાવી સકા કે, આ મુજબ હકીકત હોઈ સકે. પન જે હતું તે નઝરના સામી હતું. તે સાહેબના હરએક કલામ સાચા ઠહેરા. નૂરભાઈ ઝબાનસી કઈ કહે તે પહેલા ફખરૂદ્દીન મૌલાએ ફરમાવું કે, "**આવો નૂરભાઈ! તમેં મને મારા મૌલાના સલામ પહોંચારવા આવા છો.** હજ્જ તો કિવારની પૂરી થઈ ગઈચ. મિનામાં તે સાહેબ મારા મૌલાની વાત તમને હમના યાદ આવી!"

આપ મૌલાએ ફરમાવું કે, અજબ ના થાવ! મને ખબર છે કે, મારા મૌલા તમારા ખ્વાબમાં આવા હતા અને તમને સલામ પહોંચારવા વાસ્તે યાદ અપાવું હતું. નૂરભાઈએ અરઝ ગુઝારી કે, મૌલા! આપ તમામ વાકેઓ જાનો છો.

(બકીયાહ પેજ નં. ૮ પર)

**સફરની શિદ્દત અને મહેનતને દૂર કરવા સદકો કરવો જોઈએ.**

## લફઝી કશ-મ-કશ




**✷ ઉભી તરકીબ :**

૧) હમને હમારી હક્કાનીયત અને અલવીયત પર _______ છે. (૨)
૨) ઉન્સત અને દિલને ઠંડક આપનારો દોસ્ત. (૩)
૩) મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) ના માઁ સાહેબા કે જેના સબબ બૈરોની જિસ્માની પાકીઝગીની સુન્નત જારી થઈ. (૩)
૭) કડી મહેનત બાદ કામિયાબીના _______ ચાખવા મિલે છે. (૨)

**✷ આડી તરકીબ :**

૨) મુમિનની ઝિંદગીનો હર દિન ઈદે કુરબાન જેમ હોય છે, જેને ઈદુલ _______ કહે છે. (૩)
૪) તમામ મખ્લૂક ફકીર છે મગર ખાલિક _______ છે. (૨)
૫) _______ તમેં નઝર કરશો વહાઁ ખુદાનો ચહેરો તમને નઝર આવશે. (૨)
૬) _______ પર ખુદાની નેઅમતોના થાલમાં થયેલી ખુશ ગુફ્તગૂ કારઆમદ સાબિત થાય છે. (૩)




**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✫

(પેજ નં. ૭ નું બાકી)

તે સાહેબ જે મને મિનામાં મિલા હતા અને રસ્તો બતાવો હતો અને આપને સલામ પહોંચારવા કહ્યું હતું અને **આપ જેને મૌલા કહો છો , તે કૌન છે?** સૈ. ફખરૂદીન સાહેબે ફરમાવું કે, "તે મારા મૌલા હમ તમામના મુશ્કિલકુશા, હાજિતરવા **ઈમામુઝ્ઝમાન (અ.સ.)** છે. અય નૂરભાઈ! તમને મુબારક થાય કે, ખુદાતઆલાએ તમને એના હુજ્જત ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના દીદાર કરાવા. તમેં મારા નઝદીક આવો." પછી આપ મૌલાએ નૂરભાઈની પૈશાની ચુમી લીદી અને જમનો હાથ પોતાના હાથમાં લઈને ગલે લગાવી લીદા.

આપે ફરમાવું કે, "અય નૂરભાઈ! તમેં જાનોચ કે મેં તમારી પૈશાની સું કામ ચુમી? સું કામ મેં તમારો હાથ મારા હાથમાં લીદો? કેમકે, તમેં બેવે, મસલ અને મમ્સૂલના દીદાર કીદાચ. બેવેની બરકતોં તમારા હાથમાં છે. મસલ યાઅની કાઅબતુલ્લાહ અને તેના મમ્સૂલ યાઅની ઈમામુઝ્ઝમાન (અ.સ.). તમેં યાદ રાખજો કે, મમ્સૂલથી જ મસલની કીમત છે. ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ઈતાઅતસી જ કાઅબતુલ્લાહ તરફ ઈબાદત મકબૂલ છે. એ જ મુજબ દાઈયુઝ્ઝમાન, જે ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના નાઈબ છે, તેની ખિદમતસી જ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની ઈતાઅત મકબૂલ છે. **હમેં આ જહાનમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) જે આલે હુસૈનના સાહેબ છે, તેની કમાલીયત અને જલાલતના મરકઝ અને મઝહર છે. જેમ ચાંદ સૂરજની રોશની અને નૂરાનીયતના મઝહર છે."**

આ જ તરહસી તે રાત સૈ. ફખરૂદીન મૌલા આપના મુઅઝ્ઝિઝ ખાદિમ અલ-હાજ્જ નૂરભાઈને, જહાઁ તક એ આપની સોહબતમાં રહ્યા, દૌરૂસ્સતરમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના જલ્વા અને વુજૂદની બયાની કરતા રહ્યા અને બરકાતે ઈમામીયહની દૌલતસી માલામાલ કરતા રહ્યા.ખુદાતઆલા હમ મુમેનીનને આપ મૌલાની ઝિયારતસી શરફયાબ કરજો. હમેં આપ મૌલાની કબરે અન્વરસી બરકાત હાસિલ કરતા રહીએ અને આપના વસીલાસી હમારી દોઆઓને સજાવતા રહીએ. આપ મૌલામાં બિલાશક જલ્વએ ઈમામુઝ્ઝમાન (અ.સ.) નું નૂર મૌજૂદ છે ✫

**સફરનો આઅલામાં આઅલા ઝાદ, તકવા અને હલાલ રોઝી છે.**

## હિજરી સાલ ૧૪૪૦ – "૪૦ ની એહમીયત

અપના ઈસ્માઈલી-તૈયેબી-અલવી અકીદા, રસ્મો રિવાજ અને તારીખમાં જે મુજબ "૭" ના અદદની ખૂબી, એહમીયત અને ખાસીયત છે, તે જ મુજબ "૪૦" ના અદદની એહમીયત છે. "૪૦" ની ગિન્તી પર અપના ઘણા આઅમાલનો દારોમદાર રહેલો છે.

✳ કોઈ ખૈર ચીઝની **આદત** પાડવી હોય તો યા તેને રોઝમર્રાનો હિસ્સો બનાવવો હોય તો તેને ૪૦ દિન તક મુસલસિલ કરવું ઝરૂરી છે.

✳ વફાત થાનારના ૪૦ માં દિન તેના નામની અને નફસને નજાતી બખ્શવા **ઝબીહત** થાય છે.

✳ મૌ.મૂસા કલીમુલ્લાહને ખુદાતઆલા તરફથી ૪૦ દિન તક **ઈબાદત** કરવાનું ફરમાન થયું હતું.

✳ આખિરૂન્નબીયીન મોહંમદ (સ.અ.વ.વ.) ૪૦ સાલના હતા જે વક્ત આપના ઉપર ગારે હિરા પર પહેલી **વહ્ય** નાઝિલ થઈ હતી અને આપ નબી બના હતા.

✳ ઈબ્ને મુલ્જિમ લઈને ૪૦ દિન તક તેની **તલવારને ઝહેરમાં** દુબાવી હતી અને પછી આકા અલી (અ.સ.) ના સરે અકદસ પર વાર કીધો હતો.

✳ ઝકાતનો કાનૂન એ મુજબ છે કે, ૪૦ રૂપિયા પર ૧ રૂપિયો **ઝકાત** વાજિબ થાય છે અને તે દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ને શહરૂલ્લાહમાં જ આપી શકાય.

✳ મૌ. ખદીજતુલ કુબરા (અ.સ.) ની જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે **શાદી** થઈ તે વક્ત આપની ઉંમર ૪૦ સાલની હતી.

✳ જે શખ્સ મસ્જિદમાં **ગીબત** કરશે યા હરામનું જમશે તો ખુદાતઆલા તેની ૪૦ દિન તક ઈબાદત કુબૂલ નહીં કરે.

✳ દીને ઈસ્લામની દાઅવત આપવા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મક્કામાં ૪૦ **કુરૈશના સરદારો**ને ઝિયાફત આપી.

✳ દુશ્મને મૌ. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, **નિમરૂદ** પર જે વક્ત ખુદાનો અઝાબ આવો તો તેના નાકમાં ૪૦ દિન તક મચ્છર ફસાયેલો રહ્યો અને આખિર તે હલાક થયો.

✳ સુન્નતે મૌ. ઈબ્રાહીમ (અ.સ.) મુજબ ૪૦ દિનથી ઝિયાદહ બદન પર **બગલ અને શરમગાહ**ના બાલ રાખવા જોઈએ નહીં.

✳ કોઈ ૪૦ રાત તક વુઝૂની હાલતમાં **સૂરતુલ કહેફ** પઢે તો ખુદાતઆલા તેને તેના વલીના ઝરીએ ઝિંદગીની ભેદની વાતોથી આગાહ કરે.

✳ કોઈ ૪૦ વક્ત પાની પર **સૂરતુલ ફાતેહા** પઢે અને તેના પર દમ મારે અને જેને બુખાર આવો હોય તેના પર છિડકે તો આ અમલની બરકતથી તેને તાવથી શિફા મિલી જાય.

✳ મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના **ચહેલુમ**માં તમામ ઔલિયા, અંબિયા અને અઈમ્મતના ચહેલુમ શામિલ થઈ જાય છે.

✳ ૪૦ વાર કોઈ ફજરમાં મસલ્લા પર બેસીને **દોઆએ નસ્રે વલ મહાબહ** પઢે તો ખુદા તેને મુસીબતો રંજના કૈદથી આઝાદ કરી દે છે. ✫

**કઝાઈલ હવાઈજની નમાઝ પઢીને સફરની શુરૂઆત કરવી જોઈએ.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ

## કિસ્ત-૩૫

### બૈરોની ગુલામી જાનની હાલાકી

આ વાત જહાનના લોગોમાં મશ્હૂર છે કે, સુલૈમાન નબી ઈન્સાન સિવાય પણ ખુદાતઆલાની બીજી મખ્લૂકાતની ઝબાન/બોલી જાણતા હતા. તેમાં જિન્નાત, પરિન્દા, વહેશી અને પાલતુ જાનવરો યા દરિયાઈ મચ્છીઓની ઝબાન શામિલ છે. કુરઆને કરીમમાં પણ આપની આ ખુસૂસીયત, કરામત અને કાબિલીયતની સૂરતુન્નમલમાં ઝિક્રે ખૈર કરવામાં આવી છે. આપના ઝમાનમાં જે વક્ત આપની આ ખાસીયત મશ્હૂર થઈ અને આપની મુશ્કિલકુશાઈની ચર્ચા આમ થઈ, તો આપની મુલાકાતમાં એક શખ્સ આવો. કહેવા લાગો કે, **" અય ખુદાના પ્યારા નબી! હું આપની ખિદમત કરવા ચાહું છું. "** આપે ફરમાવું કે, "ખુદાતઆલા તુંને ખૈરથી નવાઝે અને મારી ખિદમતમાં ખુદાતઆલાની રઝામંદીનો સાયો હર વક્ત તારા સર પર રહે."

આ તરહ તે શખ્સે ઘણા વક્ત તક આપની ખિદમત કીધી અને જોયું કે, આપ હર જાનદાર ચીઝની ઝબાનથી વાકિફ છો અને આપ અજીબો ગરીબ અંદાઝથી ગુફતગૂ કરી શકો છો. એક દિન હિમ્મત જુતાવીને આપના નઝદીક તે બેસો અને કહ્યું કે, અય મારા માલિક! આપને એક અરઝ કરવી છે. જે તરહથી ખુદાતઆલાએ આપને ઝબાનની બેશુમાર કૂવતોથી નવાઝેલા છે તો આપ આ નાચીઝ પર કરમ ફરમાવીને મને જાનવરોની ઝબાન ના શિખાવો? મારા ઘરમાં મારા અહલના સાથે પાલતું જાનવરો પણ છે. તેમાંથી ગધેડો, બૈલ, કૂતરો અને મુરઘો મેં પાલેલા છે. આપના કરમથી જો મેં આ ચાર જાનવરોની ઝબાન જાણી લઉં તો મને ખબર પડે કે, તેઓ આપસમાં શું વાતચીત કરે છે!

સુલૈમાન નબી તે શખ્સની મુખ્લેસાના ખિદમતથી ઘણા ખુશ હતા, લેહાઝા તેની અરઝને આપે ના ઠુકરાવી અને તેને જાનવરોની ઝબાન શિખાવવા વાસ્તે એક શરત મુકી. આપે કહ્યું કે, આ વાત એક રાઝ રહેવી જોઈએ યાઅની મારા અને તારા દરમિયાન રહેવી જોઈએ. **જો કોઈને ખબર પડી કે, તું જાનવરોંની ઝબાન બોલતા જાણે છે, તો તે જ વક્ત તુંને મૌત આવી જાશે.** તે શખ્સે નબીયુલ્લાહને ભરોસો અપાવો કે, આપ બિલકુલ ફિકર ના કરો. આ રાઝ, રાઝ જ રહેશે. હું કોઈને આ બાબત માઅલૂમ નહીં પડવા દઉં. આપે ફરમાવું કે, **" તું ઝમીન પર લેટી જા. "** આપે તેના સીના પર હાથ ફિરાવો કે ફૌરન બકુદરતે ઈલાહી આપના સીના માંથી જાનવરોંની ઝબાનનું તમામ ઈલ્મ તેના સીનામાં મુન્તકલ થઈ ગયું. તે શખ્સને જાણે કોઈ અજીબો ગરીબ ખઝાનો હાથ લાગી ગયો.

સુલૈમાન નબીની ખિદમત કરીને તે રોઝ સાંજે તેના ઘર તરફ જાતો. તેના ઘરમાં ગધેડો, બૈલ, કૂતરો અને મુરઘો એમ ચાર જાનવરોં હતા. ઘરે પહોંચીને તે જાનવરોંને ઘાંસ-ચારો અને જમન આપતો. તેનો ખૂબ ખયાલ રાખતો. એક દિન જે વક્ત તેએ સાંજે ચારો નાંખી લીધો અને પોતાના રૂમમાં ચાલો ગયો તો તે વક્ત કોઈ કામ વાસ્તે તે બારીના નઝદીક બેસો, જે જગા પરથી જાનવરોંની હરકતો માઅલૂમ પડતી હતી. ચારો જોઈને ગધેડાએ બૈલને કહ્યું કે, **" તારા આગલ જે ચારો છે તે આજે તું ના ખાઈશ, પણ તે મને ઉધાર આપી દે. "** બૈલે અજબ થઈને પૂછ્યું કે, શું કામ? ગધેડાએ જવાબ આપો કે, "જો તું ચારો નહીં ખાય તો ભુખના લીધે તું કમ્ઝોર દેખાઈશ. તારી આ હાલત જોઈને માલિક આવતી કાલે તારાથી કામ નહીં લે. માલિક તુંને બીમાર સમઝીને ઘરથી બાહર નહીં નિકાલે. તું આરામ કરજે. પછી બીજા દિન મેં મારો ચારો તુંને પાછો આપી દઈશ. આ તરહ અપનો હિસાબ બરાબર થઈ જાશે."

ગધેડાની વાત માનીને બૈલે ચારા આગલથી પોતાનું સર ઊંચું કરી લીધું. બે જાનવરોંના દરમિયાન આ માજરો સાંભલીને માલિક ખૂબ હઁસો. હઁસવાનો આવાઝ એવો થયો કે, તેની બૈરો સાંભલી ગઈ. બૈરો બારીના

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**ફજરની નમાઝ બાદ સફર કરવું બહેતર છે.**

(પેજ નં. ૧૦ નું બાકી)

નઝદીક આવી અને પૂછ્યું કે, તમારો હઁસવાનો સબબ શું છે? તે શખ્સે વાત પલટાવી દીધી અને બૈરોનું ધ્યાન બીજે તરફ કરી દીધું. બીજે દિન સાંજે જે વક્ત તે શખ્સે ગધેડા-બૈલને ચારો નાંખો અને રૂમમાં જઈને બારી આગલ બેસો તો રોઝની આદત મુજબ બેવે જાનવરો એકબીજા સાથે વાતો કરવા લાગા. બૈલે ગધેડાને કહ્યું કે, "ગઈકાલનો ચારો કે જે મેં તુંને ઉધાર આપેલો તે આજે મને પાછો આપી દે. ગઈકાલે તારા કહેવાથી મેં ચારો ના ખાધો અને તેના સબબ પૂરો દિન મારો તકલીફમાં ગુઝરો."

ગધેડાએ બૈલને કહ્યું કે, "અરે! મેં તુંને એક વાત તો કહેતા ભુલી જ ગયો. તુંને બિલકુલ ખબર નથી કે અપનો માલિક આજે સવારે સુલૈમાન નબીના ઘરના બાઝુમાં એક કસાઈ છે તેના પાસે ગયો હતો. એમ કહેવા કે, "મારો બૈલ યાઅની તું બીમાર થઈ ગયો છે અને ગઈકાલે ચારો પણ ખાધો નથી. એવું ના થાય કે તું ઝિયાદહ બીમાર થઈ જાય, લાઈલાજ થઈ જાય. લેહાઝા, **અય કસાઈ! તું મારા સાથે આવ અને તે બૈલને મૌત આવે તે પહેલા તેને ઝબેહ કરી દે.** તો અય મારા દોસ્ત! હવે કસાઈ તુંને કોઈ પણ વક્ત ઝબેહ કરી દેશે, તો આ તારો આજનો ચારો પણ તું મને આપી દે અને તું તારા હાલ પર સબર કર. એમ પણ બની શકે છે કે, જે વક્ત કસાઈ આવે અને જો તારી કિસ્મત સારી હોય તો તુંને કમ્ઝોર જોઈને તારા પર શાયદ રહેમ કરે અને તુંને ઝબેહ કરવાથી પરહેઝ કરે."

ગધેડાએ ઔર મઝીદ કહ્યું કે, જો આજનો ચારો તું મને આપે તો કુલ બે દિવસનો ચારો હું તુંને પાછો આપી દઈશ. ઝબેહ થાવાથી જે વક્ત તું બચી જઈશ તો એક સાથે બે દિનનો આટલો બધો ચારો ખાવાથી તું ચરબીદાર બની જઈશ. જે વક્ત માલિક તુંને જોશે કે, તું તગડો થઈ ગયો છે અને પહેલા કરતા પણ તારી હાલત બહેતર થઈ ગઈ છે તો તે હમેશા વાસ્તે **તુંને ઝબેહ કરવાનો ખયાલ છોડી દેશે.** તું આ બધી બલાથી આઝાદ થઈ જઈશ." ગધેડાની વાતોંમાં આવીને બૈલે તેના ચારાનો હિસ્સો પાછો ગધેડાને આપી દીધો. આ બેવેની દિલચસ્પ વાતોં સાંભલીને તેનો માલિક ખૂબ હઁસવા લાગો અને ઝમીન પર હાથ પટકવા લાગો. એમ કહીને કે, "વાહ મારા માલિક સુલૈમાન! શું તમેં મને ઝબાન શિખવી છે. **આ જાનવરોંની વાતોં સાંભલીને તો હું ખુશ થઈ જાઉં છું.**"

ઝોર-ઝોરથી હઁસવાનો આવાઝ તેની બૈરોએ સાંભલી લીધો. જલ્દીથી તેના પાસે આવી અને હઁસવાનો સબબ પૂછો. તે શખ્સે જેમ પહેલા જવાબ આપો હતો એમ બેખબરીમાં કહી દીધું કે, અરે! કઈ નહીં. એ તો એક વાત મને સુલૈમાન નબીની યાદ આવી એટલે હું હઁસતો હતો. બૈરોએ તે હઁસવાની વાત બતાવવા ઉપર ઈસ્રાર કીધો. ઝિદ કરવા લાગી કે, સબબ ના બતાવવો હોય તો તેને તલાક આપીને છુટી કરી દે. તે શખ્સ પરેશાન થઈ ગયો. તેના હોંશ ઉડી ગયા. કહેવા લાગો કે, અય બૈરો! હવે તો બેવે તરફથી હું ફસાયેલો છું. જો હું તુંને હઁસવાનો સબબ ના બતાવું, **તો તું તલાકની મારાથી માંગણી કરે છે અને જો હું બતાવી દઉં તો મારી જાન ચાલી જાશે.**

બૈરોને ખૂબ ગુસ્સો આવો અને કહેવા લાગી કે, જો તું મરી જાય તો મને કોઈ પરવા નથી. મને કોઈ હમ-ગમ નહીં થાય. તે શખ્સ બૈરો પર નારાઝ થયો અને કહ્યું કે, "મને તારાથી આ ઉમ્મીદ ન હતી. અગર તું મારી મૌત જ ચાહે છે તો લાવ મરતા પહેલા હું વસીયત કરી દઉં. **એક કાગઝ, કલમ અને દવાત તું મને લાવીને આપ.**" બૈરોએ ફૌરન આ ત્રણે ચીઝો લાવીને આપી. તે શખ્સ જે વક્ત વસીયત લિખવા બેસો કે, તેની બૈરોએ એક ડબ્બો નિકાલો કે જેમાં રોટલીઓ હતી. તેમાંથી એક ટુકડો લીધો અને નઝદીકમાં બેસેલા કૂતરા સામે ફેંકો. કૂતરો, તેના માલિક અને બૈરોના દરમિયાન ઝઘડાના સબબ ગમગીન હતો. તેએ રોટલીના ટુકડામાં કોઈ દિલચસ્પી ના બતાવી અને આ મૌકો જોઈને મુરઘાએ તે ટુકડા પર તરાપ મારી અને ખાવા લાગો.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**સફર દૌરાન નમાઝ કસર પઢવી જોઈએ.**

(પેજ નં. ૧૧ નું બાકી)

કૂતરાએ મુરઘાને આહિસ્તાથી કીધું કે, અફસોસ! અય દોસ્ત, તુંએ મારા ઉપર ઝુલ્મ કીધો. મારા ખાવાના હિસ્સા પર તુંએ નઝર બિગાડી. આ તો તું આ બૈરો જેવો કમબખ્ત થયો કે, જે મારા માલિક પર ઝુલ્મ કરે છે. ઝબરદસ્તી કરીને કોઈ વાત જાણવા ઉપર રિશ્તો બિગાડે છે. તારામાં અને આ બૈરોમાં કોઈ ફરક નથી. બૈરોએ એવી હાલત મારા માલિક વાસ્તે ઊભી કીધી છે કે, તે મરવા પર તૈયાર થઈ ગયો છે. મુરઘાએ જઝબામાં આવીને કહ્યું કે, અય ભાઈ! તારી ઝબાનને લગામ દે. બૈરોની વાત ના કર. હલાક થઈ જાય તે શૌહર કે, જે પોતાની ઔરતની મરઝીની ખાતિર, તેને ખુશ રાખવાની ફિરાકીમાં **પોતાની જાનને ખતરામાં નાંખી દે.**"

"અય કૂતરા! તું સાંભલ! મારા પાસે તેર-૧૩ ઔરતોં છે યાઅની મુરઘીઓ. આ તમામને મેં કાબૂમાં રાખેલી છે. કોઈની હિમ્મત શું કે, મારા કૌલ પર કૌલ કરે. બધાના સાથે જ કોઈ ના કોઈ ભેદની વાતોં તો હોય જ. પણ આ ૧૩ જણા માંથી કોઈ મને મજબૂર ના કરી શકે કે, હું તેને કોઈ રાઝની વાત બતાવી દઉં. જો ઝિદ કરે તો હું તેને મારૂં-પીટું યહાઁ તક કે, તે સીધી ના થઈ જાય, તૌબા ના કરી લે. તું સાંભલ! અગર અપના માલિકની બૈરો જો મારી બૈરો હોતી તો મેં તેને આ મુજબ ઝિદ કરવાના અને ધમકી આપવાના જુર્મમાં ખૂબ મારતો યહાઁ તક કે, તે તૌબા ના કરી લેતી.

તે શખ્સની નિગાહ ભલે કાગઝમાં હતી મગર તેના કાન કૂતરા અને મુરઘાના દરમિયાન ચાલતી વાતચીત તરફ હતા. મુરઘાએ જે નુસ્ખો બતાવો તે સાંભલીને તે શખ્સને જલાલ અને જુસ્સો આવી ગયો. તે કાગઝ અને દવાત ફેંકીને ઘરને બાહર ગયો. ગધેડાના નઝદીકથી એક મઝબૂત લાકડી લીધી અને દોડતો-દોડતો ઘરમાં પાછો આવો. બૈરો હયબતમાં આવી ગઈ. **મુરઘો ઉડીને છત પર બેસી ગયો અને કૂતરો ઘરના બાહર બૈલના પાછલ છુપાઇ ગયો.**

તે શખ્સ એટલો તો ગુસ્સામાં આવી ગયો કે, તેએ પોતાની ઝિદ્દી બૈરોને એક હાથ પર પકડી અને લાકડીથી મારવા લાગો. પોતાના મરદની આ ખૌફનાક તસ્વીર જોઈને બૈરો ઠંડી પડી ગઈ અને તેના પગ પકડીને તૌબા કરવા લાગી. મુરઘો જે છત પરથી આ માજરો જોઈ રહ્યો હતો તે બાંગ પુકારીને ફટથી તે શખ્સના ખભા પર આવીને બેસી ગયો. શાયદ એમ જતાવવા માંગતો હતો કે, "અય માલિક! આજે તમેં અને મેં એક છે. જો તમેં મારા દિલની વાત ના જાણતા તો એક બૈરોની મરઝીની ખાતિર હું એક માલિક ખોઈ દેતો." મુરઘાની વાત પર ચારે જાનવરો પોત-પોતાની ઝબાનમાં માલિક-માલિકણને મુબારક કહેવા લાગા.

બીજે દિન સુલૈમાન નબીની ખિદમતમાં તે શખ્સ હાઝિર થયો. તેના ચહેરાથી ખુશી નુમાયા હતી. જે વાકેઓ ઘરમાં બનો હતો તે લફઝન લફઝન નબીયુલ્લાહને કહી દીધો. આપે ફરમાવું કે, "**અય અઝીઝ દોસ્ત! મરદ પર લાઝિમ છે કે, તે પોતાના અમલથી પોતાનો વકાર સાચવે અને બૈરો પર વાજિબ છે કે, તે પોતાની ઝબાનથી પોતાનો વકાર સાચવે. જે વક્ત આ વકાર ખત્મ થઈ જાશે તો તે ઘરમાં મરદ-બૈરોની ખિદમત અને મોહબ્બત ખત્મ થઈ જાશે.** " ✯

(પેજ નં. ૪ નું બાકી)

હુકમ હોય, કુરબાની હોય, ખિદમત હોય, ઈબાદત હોય, તવક્કુલ હોય, તરબીયત હોય, હિજરત હોય, ભૂખ-પ્યાસ હોય, શાદી હોય, વસીયત હોય, દુનિયાથી બેરૂખી હોય, આખેરતથી શૌક હોય, જેહાદ હોય, શુક્ર હોય વગૈરહ. **આ સઘલી ખસલતો અને ખાસીયતો શોહદાએ કરબલામાં હતી.** ઈમામે હક્કના શયદાઈ અને ફિદાઈ આવા બલંદ દરજાના હતા. સદીઓથી શીઅયાને હુસૈનને શોહદાએ કરબલાની આ જ ગૈરમાઅમૂલી ખસલતોંથી પાકીઝા ઝિંદગી ગુઝારવાની તરબીયતો તાઅલીમ હાસિલ થઈ રહી છે. તો ચલો! અપને હુસૈનીઓ! અપને કરબલાઈઓ! તે મરકઝે હુસૈની પર અપને અપના સરને ઝુકાવીએ કે, જે અમલથી અપનું સર આખેરતમાં બલંદ થઈ શકે. યા હુસૈન. ✯

**વતનમાં જો રોઝીના અસ્બાબ ન મિલે તો બીજા શહેર તરફ સફર કરવો જોઈએ.**

## મરસીયા
## રાસુલ હુસૈન (અ.સ.)

૧) સલવાત પઢી મિદહતે શબ્બીર હું સુનાઉં,
તાઈદે પંજતનથી કલમ આગે હું બઢાઉં,
કઈ દર્દો ગમ નો વાકેઓ પૈશે નઝર હું લાઉં,
રોઈ રુલાવી ખુલ્દે બરીં માં હું ઘર બનાઉં,
આ મજલિસે હુસૈન છે દરબારે પંજતન,
પુરદર્દ દાસ્તાન પે થર્રાઈ છે બદન.
૨) અફસોસ બદ ઝમાનાએ ઢાયા અજબ સિતમ,
આ વાતોં યાદ આવે છે તો મારો ઘટે છે દમ,
આકા હુસૈન ઈમામનું સર થાય છે કલમ,
માઁ ફાતેમાના લાલનો દિલથી હટે ન ગમ,
જો પંજતનથી હોય મોહબ્બત તો રોઈ લો,
સીના પે હાથ મારો અને જાન ખોઈ લો.
૩) હુશિયાર થાવ રોવાને આ સાંભલો યહાઁ,
ખૈમા જલા હુસૈન ના મકતલ ના દરમિયાઁ,
ઊંચા થયા અદૂએ ખુદાના વહાઁ નિશાઁ,
આબિદ ઈમામ બાકી રહ્યા વાત છે અયાઁ,
ઝૈનુલ અબાને તૌક પહેરાવી કરો સિતમ,
કોડાઓ મારતા થા અદૂ હાય દમ-બ-દમ.
૪) બીબીયોના સરોંથી રિદાઓ ને લઈ ગયા,
કહાઁ ગઈ તમારી શાહી તે તાઅનાઓ દઈ ગયા,
પીને શરાબ મસ્ત સિતમગર થા થઈ ગયા,
અહલે હરમને કૈદ કરીને થા લઈ ગયા,
લાશા ઉપર હુસૈન ના ઘોડા દોડાવીને,
નૈઝા ઉપર હુસૈન ના સરને છુડાવી ને.
૫) આ નારીયો ન રહેમ ઝરા દિલમાં લાવતા,
ને ઝાલિમો સકીનાને હર દમ સતાવતા,
રોતા તો આવી આઅદાઓ કોડા લગાવતા,
પાની દિખાવી આઅદા ઝમીં પર બહાવતા,
રોતા સકીના બાવાજીને કોઈ બુલાવી દો,
મારી કહાની ગમની જઈને સુનાવી દો.
૬) બેટી તમારી રોઈ છે તન્હા મુકી ગયા,
ગાલો ઉપર તમાચાઓ જુઓ પડી ગયા,
સાથે હુસૈન બાવાજી મુઝને ન લઈ ગયા,
કાનો થી મારા જોઈ લો ગૌહર છિની ગયા,
આ કૂફીયો ને શામીઓ મુઝને રુલાવે છે,
આઁખો દેખાડી કોડા લઈનોં લગાવે છે.
૭) ઝૈનબ દિલાસો દેતા થા રોતા કહી હુસૈન,
બેટી સકીના લાડલી મારી અય નૂરે ઐન,
બાવા હુસૈન કહીને ન ગમ ના સુનાવો બૈન,
મારી યતીમ બેટી કરો કિમ છે શૌરો શૈન,
ઝિંદા હુસૈન હોતા તો તશરીફ લાવતા,
હમને મુસીબતોં થી તે આવી બચાવતા.
૮) લૂટો હુવો જો કાફલો આવો તે શામ માં,
ઝાલિમ યઝીદે બદના તે દરબારે આમ માં,
તે નારીયો ને સામને તે ઈઝદેહામ માં,
ડૂબી અદૂ ગયા થા શરાબો ના જામ માં,
અફસોસ અહલે બૈતે નબી બે-ચદર હતા,
મક્કા-મદીના વાલાઓ સબ દર-બ-દર હતા.
૯) હઁસતો હતો યઝીદ તે જોઈ સરે હુસૈન,
બોલો કે આજ મારા મિલો દિલને ખૂબ ચૈન,
આ જોઈ કીધા ઝૈનબે દિલગીરને તે બૈન,
વા હસરતા હુસૈન ગરીબુલ વતન હુસૈન,
સું બદ ઝમાનો આવો ન સમઝ્યા નબીની આલ,
કુફ્ફારો નો આ બદલી ગયો કિવો છે ખયાલ.
૧૦) ઝાલિમ ડરો નબી થી અને આવી એમ ખબર,
જાવો થઈ રિહાઈ તમારી કરો સફર,
ઝૈનબ એ પહેલા ભાઈના સર પર કરી નઝર,
બોલો યઝીદ મિલસે ન હરગિઝ આ તમને સર,
આ સર ને વાસ્તે તો લડાઈ માં ખરચ્યું ઝર,
કીધું છે મેં હુસૈનનું હાસિલ આ કીમતી સર.
૧૧) કુફ્ફારોના તો લાશાઓ સબ દફન થઈ ગયા,
બહત્તર શહીદ દફન વિગરના રહી ગયા,
અફસોસ સઘલા સરને વો આઅદા લઈ ગયા,
તકલીફો લાખો તરહની આઅદાઓ દઈ ગયા,
આકાનું સર ન આપું તડપતા થા અહલે બૈત,
રોઈને સઘલા સરને પટકતા થા અહલે બૈત.
૧૨) ઝાલિમ એ સર ન આપું નબી ના હરમ ચલા,
રોતા હુસૈન કહેતા હુવા આવા કરબલા,
(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**હજ્જનો સફર આઅલમાં આઅલા સફર છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

ભાઈની કબર જોઈ પુકારા તે દિલ જલા,
ઝૈનબ બહેન તમારી કરે સું કહો ભલા,
ઝાલિમ એ સર ન આપું તમારૂં સિતમ થયો,
સદમો અઝીમ ગુઝરો અને દિલને ગમ થયો.

૧૩) છે યહાઁ તમારી કબ્ર અને સર નથી હુસૈન,
ઝાઈર બનીને આવો છે આબિદ આ નૂરે એન,
માથાને પટકી રોઈ છે ગમ ના કરીને બૈન,
આ દાગ જોયો બાવાજી ખોવાયું દિલનું ચૈન,
કઈ તરહ હિફાઝત કરે આ કબ્રની બતાવો,
બેબસ છું, બે સહારા છું કઈ રાસ્તો બતાવો.

૧૪) આબિદ કરે હુસૈનની ખિદમત કઈ તરહ,
સર આપનું યહાઁ નથી મેં લાઉં કઈ તરહ,
અબ્બાસ મારા કાકાજી ને પાઉં કઈ તરહ,
મેં દફન કરવા કોને બુલાઉં કઈ તરહ,
અબ્બાસ, ઔનો કાસિમો અકબર ઉઠો ઉઠો,
હુર્રે વફા-શેઆર બહાદુર ઉઠો ઉઠો.

૧૫) કમ મુમિનો હુસૈન નો પુર દર્દ ગમ નથી,
આ ગમ માં રોઈ મરવું ઈબાદત થી કમ નથી,
આ ગમ ને લખવા રાવીની બઢતી કલમ નથી,
કોઈ પણ નબીની આલ પર એવો સિતમ નથી,
મરવાને બાદ દુશ્મની સબ ખત્મ થાય છે,
આઁસૂ વહે છે આઁખોથી દિલ થરથરાય છે.

૧૬) આદિબ એ બૈન કઈ તરહ શબ્બીરના કીધા,
નૌહાઓ ગમના આલે પયમ્બર એ થા પઢા,
ઝૈનબ, હુસૈન ઈમામની મરકદ પે થા ગિરા,
બેસર હુસૈન આપ છો મેં સું કરૂં ભલા,
બેસર છો આપ બહેન ભી દિલગીર થાય છે,
આ કમનસીબ બહેના ની તકદીર થાય છે.

૧૭) મેં કમનસીબ રહી ગઈ રોવાના વાસ્તે,
કરબલ માં હાલ ભાઈનો જાવાના વાસ્તે,
આઁસૂથી મારા ચહેરાને ધોવાના વાસ્તે,
મેં સાથ આવી આપને રોવાના વાસ્તે,
ભાઈ ગરીબ બહેના નો લો આખરી સલામ,
માઁ ફાતેમાના લાડલા શબ્બીર નેક નામ.

૧૮) ઝૈનબ પુકારા મારા બિરાદર સલામ લો,
બાનુ પુકારા બેટા અય અકબર સલામ લો,
બોલા સકીના ભાઈ અય અસ્ગર સલામ લો,
દુલ્હન તડપતા કહેતા અય શૌહર સલામ લો,
ઝહરાની રૂહ પુકારી અજબ શૌરો શેન છે,
બેસર ઝમીં માં દફન થયા આહ હુસૈન છે.

૧૯) ચક્કીને પીસી પાલા થા મારા હુસૈન ને,
નાઝો થી મેં એ પાલા દુલારા હુસૈન ને,
એક પલ ન રોવા દીધા પ્યારા હુસૈન ને,
ભુખા ને પ્યાસા દશ્તમાં મારા હુસૈન ને,
બેટા હુસૈન લાડલા માદરનો લો સલામ,
રૂહે અલી પુકારતી હયદરનો લો સલામ.

૨૦) ગમનું બયાન દાઈયે તૈયેબ સુનાવતા,
માતમ કરી હુસૈન નું રોતા રૂલાવતા,
ખુદ રોતા તખ્ત પર અને માતમ કરાવતા,
પુર દર્દ હાલ કરબો બલા નો સુનાવતા,
શૈદા હુસૈન ઈમામના દુનિયા મુકી ગયા,
શાઅબાન માહ પાઁચમી જન્નત ચઢી ગયા.

૨૧) તૈયેબ ઝિયાઉદ્દીન રૂલાવી ચલા ગયા,
દાઈ ઝકીયુદ્દીં ને બનાવી ચલા ગયા,
હક્કના ઊલૂમ લાખો શીખાવી ચલા ગયા,
દાઅવતને ઝિંદાબાદ બનાવી ચલા ગયા,
હાદી હમારા તૈયેબ ઝીયહ ઉપર સલામ,
ઝાકિરની છે ઝબાઁ પે ઝિયાઉત્તોકા નું નામ.

૨૨) દાઈ છે પિસ્તાલીસવાઁ હાતિમ ઝકી શહા,
સબ મુમેનીન, હાથ ઉઠાવી કરે દોઆ,
મૌલાની ઉમ્ર ખિઝ્રના જેવી કરે ખુદા,
નાઈબ ઈમામના છે ને તૈયેબની મુદ્દોઆ,
દાઅવતનો બાગ હર ઘડી ફલો ફૂલો રહે,
મુમિન હર એક જમાઅતનો બસ આ દોઆ કરે. ✯

**જાહિલ જેમ ઈલ્મ આવવાથી રોનકદાર થઈ જાય છે તેમ સૂખી ઝમીન, વરસાદથી ખિલી ઉઠે છે અને રોનકઅફરોઝ થઈ જાય છે.**

**મૌ. ઈમામ હુસૈન (અ.સ.) એ ખુશ્નૂદીએ રબ અને મક્સદે શહાદત વાસ્તે સફર ઈખ્તિયાર કીધો.**

(પેજ નં. ૩ નું બાકી)

મસ્જિદમાં આવા. સલામો તહીયાત બાદ મજલિસમાં બેસા. જે વક્ત લોગો ચાલા ગયા તો તે શીઆ, ફિલ્સૂફને લઈને ઈમામની હઝરતમાં પૈશ થયા. ઈમામ આલી મકામે તેને ઈકરામો ઈઝઝત બખ્શી. જે સવાલાતની ફહેરિસ્ત તેએ અબ્બાસી દરબારમાં પૈશ કીધી હતી, તે જ ચીઝ ઈમામને નઝદીક પૈશ કીધી. **આપે તેને ઈત્મિનાનથી બેસવાનું કહ્યું અને એક-એક સવાલ પઢીને તેને તસલ્લી બખ્શ જવાબો આપા.** તે ફિલ્સૂફ ઈમામના કદમોંમાં પડી ગયો. જે માજરો અબ્બાસી દરબારમાં બનો હતો તે તમામ ચીઝ કહી સંભલાવી અને શીઆ સાથેની મુલાકાતની પણ ઝિક્ર કીધી.

ઈમામ આલી મકામે ફરમાવું કે, "અય ફિલ્સૂફ! મારી આ મુલાકાતથી તું એ સબક લે કે હવેથી તું અમલની ઝિંદગી ઈબ્તેદા કર. ફલ્સફો દીન નથી, તે ફક્ત ખયાલ છે. તે ખયાલને નિય્યત બનાવજે અને તે નિય્યતને સાથે અમલ કરજે. અબ્બાસી હાકિમ મુજબ હમેં લોખંડની તલવારથી વાર નથી કરતા પણ ઈલ્મની તલવારથી વાર કરીએ છીએ. **હમેં ઈન્સાનનું ખૂન નથી કરતા મગર ઈલ્મથી કુફ્રો જેહાલતનું ખૂન કરીએ છીએ.** આજે આ મારી મુલાકાતથી તારા દિલમાં જેહાલતનું ખૂન થયું અને મારી માઅરેફત ઝિંદા થઈ છે. ઈલ્મે હક્કની ધાર તલવારની ધાર કરતા તેઝ હોય છે. ખુદાતઆલા તુંને આ હમારા ઈલ્મે હક્ક પર ચાલવાની યારી દેજો." ✯

**નિય્યતે ખૈરથી સફર કરનારને મૌત આવે તો તેને રાહે ખુદામાં જેહાદ કરનારની મૌતનો સવાબ મિલે છે.**

**સફર બાદ જેમ ઘરવાલાની મુલાકાતથી મુસાફિર ખુશ થાય છે તેમ દુનિયાવી સફર બાદ આખેરતના અજરો સવાબની વફાત થાનારને ખુશી થાશે.**

**હર સફરથી એક સબક મિલે છે, એમ આ જહાન પણ મુમેનીન વાસ્તે સફરગાહ અને સબકગાહ છે.**


## તિજારત

### Unique Collection

We at Unique collection carry out the following works.

- ❖ Interior works
- ➢ False ceiling of POP and Gypsum
- ➢ 3D Stretched Ceiling (Based on themes and lighting)
- ➢ 3D Flooring (Theme flooring)
- ❖ Renovation Work
- ➢ Civil Work
- ➢ Electrical Works
- ➢ Furniture work

3D ceiling and flooring will be best suited for office and show rooms. Please feel free to call me for any of these works or queries.

All the above works are carried out at competitive price.

**Contact :**

**Mohammed Husain Umallawala**

Umallawala Building, Badri Mohalla, Wadi, Vadodara.

**M.: +91 9998769628 / +91 9375709551** ✯

**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

### ભાઈસાહેબ ઈબ્રાહીમ

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

### સ્ટાર લાઈટ ટ્રેડર્સ

**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**

દુકાન નં. ૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.

**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**

### ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર
### " ઝૈબાઇશ "

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**


**દોઆતે હક્કની સફર મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી લાવે છે.**

## સાલે નૌ ની બરકાત

કારેઈને કિરામને ૧૪૪૦ હિ. નું સાલે જદીદ-નવું હિજરી વરસ મુબારક થાય. સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતના અશરહ મુબારકહ અને આપની મજલિસો માતમની બરકતોથી, હુઝૂરેઆલી સૈયેદના સાહેબની પુર-અસર દોઆઓના સબબ ખુદાતઆલા હુસૈની મુમેનીનને પૂરૂં સાલ તેની રહમતના સાયામાં રાખે. શિફા, સેહ્હત અને આફીયતી અતા કરે. હર ગમ અને આફતમાં મુમેનીન ઈમામે મઝલૂમને યાદ કરે. ખુદાતઆલા મુમેનીનને આ હક્કની જમાઅત પર કાઈમ રાખે, નૈકી-ઐકી પર ચાલનાર કરે, સબર-શુક્રના આઅલા જૌહરથી નવાઝે. હર બલા, પરૈશાની, તકલીફ, ઈઝા અને શરથી મહેફૂઝો સલામત રાખે. નમાઝ પઢનાર અને વાલેદૈનની તહે દિલથી ખિદમત કરનાર કરે. મુમેનીન મજલિસે અઝાએ હુસૈનમાં શરીક થાય અને તેના તુફૈલમાં ખુદાથી રોઝી-રિઝકના તલબગાર થાય. આમીન.

મુસલસિલ ૧૫ સાલથી મિશ્કાતુલ હાદી ઈલ્મો હિકમતના શાઈકીનની ખિદમત કરી રહ્યું છે. આ સાલ આ અખ્બાર ૧૬ માં સાલમાં દાખિલ થઈ રહ્યું છે. ઉમ્મીદ છે કે, રબ્બુલ ઈઝ્ઝત આ જ તર્ઝ-તરીકા પર આ ઈલ્મી અખ્બારના કારવાનને ચલાવતો રહે અને એક ઈલ્મી વિરાસતના તૌર પર તે મુમેનીનના ઘરોને રૌનકઅફરોઝ કરતો રહે. આમીન. ☆

## સૈ.વ મૌ. હાતિમ સાહબ (આ.કુ.)

**ઉર્સ : ૧૬ મોહર્રમ ૫૯૬ હિ.**

શુક્ર કરતા હું ઈલાહી હમ્દ કી સૌગાત કા,
મેરે હોઠોં પર હમેશા વિર્દ હે સલવાત કા.
સર-બ-સજદા દે કલમ, કિરતાસ જો હે જાનમાઝ,
રોશનાઈ સે ખુલા ઈઝહાર હે જઝબાત કા.
જબ ભી હોગા જશ્ને ઉર્સ ઉસ દાઈયુલ અન્વાર કા,
ઝિક્ર મજલિસ મેં કરેંગે હાતિમુલ ખૈરાત કા.
તિસરે દાઈ હૈં, ઈબ્રાહીમ કે કાઈમ મકામ,
નામે હાતિમ સે હે રૌશન વસ્ફ મોઅજિઝાત કા.
મરકદે અકદસ પે આયા એક મરદે મુત્તકી,
થા પરૈશાં બેનવા મારા હુવા હાલાત કા.
ચંદ કંકર તુરબતે અકદસ સે ઉસને લે લીયે,
બન ગયે ગૌહર કે તૂફાઁ થમ ગયા આફાત કા.
કર્ઝ હો યા મર્ઝ હો સબ રદ બલા હો જાયેગી,
ફિક્ર ક્યા હે લો વસીલા કાઝીયુલ હાજાત કા.
આપને મુર્દે જિલાયે, દી મરીઝો કો શિફા,
હો નહીં સકતા એહાતા આપકી શાનાત કા.
જા નસીમે સુબ્હ જા હાતિમ કી કબરે પાક પર,
પૈશ હદીયા કર રહેં હૈં મુમેનીં સલવાત કા.
એક મુદ્દત સે ઝિયારત કી તમન્ના હૈં હમેં,
દેખીયે મિલતા હે કબ તોહફા હમેં બરકાત કા. ☆

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.